Commissioner of Schools Guj. State Gandhinagar

# સરકારી માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા વર્ષ ૨૦૧૯-૨૦ના વેઈટીંગ લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે ઓનલાઇન શાળા પસંદગી અંગેની સૂચનાઓ

- શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૧૯ના જાહેરનામાની જોગવાઈઓ મુજબ વેબસાઈટ પર તા.૦૯/૦૨/૨૦૨૧ના રોજ Qualified વેઇટીંગ લીસ્ટ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.
- સરકારી માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા અન્વયે વિષયવાર,કેટેગરીવાર ઉપલબ્ધ ખાલી જગ્યાઓ અને ઉપલબ્ધ ઉમેદવારોના આધારે **Qualified** વેઇટીંગ લિસ્ટ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ **Qualified** વેઇટીંગ લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો દ્વારા અપાયેલ જિલ્લા પસંદગી તથા મેરીટના આધારે ઉમેદવારોને તેઓની પસંદગીનો જિલ્લો ફાળવાયેલ છે જેની વિગતો તા.૧૬/૦૨/૨૦૨૧ના રોજ વેબસાઇટ **www.gserc.in** પર મુકવામાં આવેલ છે. તેમજ સંબંધિત ઉમેદવારોને આ અંગેની **SMS** થી જાણ કરેલ છે.
- જિલ્લા ફાળવણી થયેલ ઉમેદવારોએ તા.૧૭/૦૨/૨૦૨૧ના રોજ બપોરે 3.00 કલાકથી તા.૨૨/૦૨/૨૦૨૧ ના રોજ સાંજે ૬.00 કલાક સુધી વેબસાઈટ **www.gserc.in** પર પોતાની ઓનલાઈન શાળા પસંદગી આપી શકશે.
- જે ઉમેદવારોને જિલ્લા ફાળવણી થયેલ છે તે ઉમેદવારોએ ફરજિયાતપણે જે તે જિલ્લાની શાળાઓની ઓનલાઈન શાળા પસંદગી આપવાની રહેશે.
- ઓનલાઈન શાળા પસંદગી ન આપનાર ઉમેદવાર ભરતી પ્રક્રિયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને ભરતી પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવશે. જેની સંબંધિતો ખાસ નોંધ લેવી.
- ઓનલાઈન શાળા પસંદગી આપવા માટે, **..................................**
  - ઓનલાઇન શાળા પસંદગી માટે ઉમેદવારો જે રીતે ઓનલાઇન જિલ્લા પસંદગી માટે લોગઇન થયા હતા તે જ રીતે લોગઇન થવાનુ રહેશે.
  - ઉમેદવાર વેબસાઈટ **www.gserc.in** પર જઈ Apply for Secondary Government વિકલ્પ કલીક કરવાનો રહેશે.
  - જે કલીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો ટાટ નંબર, જન્મતારીખ અને ફિક્સ **Captcha Code** નાખી લોગઈન થવાનું રહેશે.
  - લોગઈન થતાં ઉમેદવારના ઓનલાઈન અરજીફોર્મમાં રજિસ્ટર્ડ મોબાઈલ પર **OTP** આવશે. જે **OTP** એન્ટર કરતાં સ્ક્રીન પર ઉમેદવારને મેરીટના આધારે ફાળવેલ જિલ્લામાં ઉમેદવારના વિષયની જે શાળાઓમાં ખાલી જગ્યાઓ ઉપલબ્ધ હશે તેવી તમામ શાળાઓના નામ ઉમેદવારની સ્ક્રીન પર જોવા મળશે. દા.ત. ઉમેદવારનો વિષય અંગ્રેજી હોય અને ઉમેદવારને મેરીટના આધારે બનાસકાંઠા જિલ્લો ફાળવાયેલ હોય તો આ ઉમેદવારને બનાસકાંઠા જિલ્લામાં જે જે શાળામાં અંગ્રેજી વિષયની ખાલી જગ્યા હોય તેવી તમામ શાળાઓના નામ ઉમેદવારની સ્ક્રીન પર દેખાશે.આ તમામ શાળાઓને કલીક કરી ઉમેદવારે પોતાના પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે.
  - ઓનલાઈન શાળા પસંદગી આપતી વખતે ઉમેદવારે તેઓ માટે ઉપલબ્ધ તમામ શાળાઓને પોતાની પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે, એટલે કે ૧૦૦% શાળા પસંદગી આપશો તો જ ઓનલાઈન શાળા પસંદગી સબમીટ થશે. અન્યથા આપની ઓનલાઈન શાળા પસંદગી સ્વીકૃત બનશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
  - ઉમેદવારો પોતાની શાળા પસંદગીમાં શાળા પસંદગી આપવાની છેલ્લી તા.૨૨/૦૨/૨૦૨૧ના રોજ સાંજે ૬.00 કલાક સુધી ફેરફાર કરી શકશે. પરંતુ તા.૨૨/૦૨/૨૦૨૧ના રોજ સાંજે ૬.00 કલાકે આપે જે શાળા પસંદગી આપેલ હશે તેને અંતિમ માની સોફ્ટવેર ઓટો સબમીટ આપી દેશે અને તદનુસાર આપના મેરીટ મુજબ આપને સોફ્ટવેર ઓનલાઈન શાળા ફાળવણી કરવામાં આવશે.
  - **શાળા ફાળવણી બાદ જે તે શાળામાં નિમણૂક આપવા અંગે તથા નિમણૂકની શરતો અંગે આગામી અલગથી માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવશે.**
  - ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપને શુભકામનાઓ પાઠવે છે.